પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૦૬, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૬-૦૪-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 206 PRICE :-RS. 1.50 DATE : 26-04-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### અનેક રાજ્યોમાં લોકડાઉન છતાં સંક્રમણ બેકાબૂ, દર ૧૦ લાખે ૧૧,૯૩૬ લોકો પોઝિટિવ

# દેશમાં કોરોના વિસ્ફોટઃ ૨૪ કલાકમાં ૩,૪૯,૬૯૧ નવા કેસ, ૨૭૬૭ના મોત

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાનું સંક્રમણ ખૂબ જ બેકાબૂ બની રહ્યું છે અને કોરોનાના કેસમાં દરરોજ ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી દરરોજ ૩ લાખ કરતા પણ વધારે નવા કોરોનાના કેસ નોંધાઈ રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના નવા ૩,૪૯,૬૯૧ નવા કેસ સામે આવ્યા છે. આ ઉપરાંત ૨,૭૬૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૧૭,૧૧૩ લોકો કોરોનાને માત આપીને સાજા પણ થયા છે. દેશમાં મહારાષ્ટ્રમાં કોરોનાના સૌથી વધારે કેસ સામે આવ્યા છે. ત્યાર બાદ ઉત્તર પ્રદેશ, કર્ણાટક, કેરળ અને દિલ્હી તેના પછીના ક્રમે છે. આ ૫ રાજ્યોમાંથી નવા કેસના કુલ ૫૩ ટકા કેસ નોંધાયા છે. અગાઉ શનિવારે દેશમાં કોરોનાના રેકોર્ડ સમાન ૩,૪૬,૭૮૬ નવા કેસ સામે આવ્યા હતા અને ૨,૬૨૪



દર્દીઓના મોત થયા હતા. આ દરમિયાન ૨,૧૯,૮૩૮ દર્દીઓ સાજા પણ થયા હતા. તેના પહેલા શુક્રવારે પણ દેશમાં કોરોનાના ૩.૩૨ લાખથી વધારે નવા કેસ સામે આવ્યા હતા. દેશમાં કોરોનાના આંકડામાં ભલે ઘણો વધારો થતો જોવા મળી રહ્યો છે, પરંતુ વસ્તીની દ્રષ્ટિએ, ભારત અત્યારે ઘણી સારી સ્થિતિમાં છે. આ કિસ્સામાં, આપણે વિશ્વમાં ૧૧૯મા ક્રમે છીએ, જ્યાં સૌથી વધુ કેસ આવી રહ્યા છે.

આંકડા પ્રમાણે ભારતમાં દર ૧૦ લાખ વસ્તીમાં ૧૧,૯૩૬ લોકો પોઝિટિવ મળી રહ્યા છે અને ૧૩૬ લોકોના મોત થઈ રહ્યા છે. આટલી જ વસ્તીમાં અમેરિકામાં ૯૮,૦૦૦, બહરીનમાં ૯૬,૦૦૦, ઈઝરાયેલમાં ૯૧,૦૦૦, ફ્રાન્સમાં ૮૩,૦૦૦, બેલ્જિયમમાં ૮૨,૦૦૦, સ્પેનમાં ૭૪,૦૦૦ અને બ્રાઝિલમાં ૬૬,૦૦૦ લોકો પોઝિટિવ મળી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં ૩૮,૦૫૫ લોકોને સંક્રમણ લાગ્યું હતુ. ૨૩,૨૩૧ લોકો સાજા થયા અને ૨૨૩ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૦ લાખ ૫૧ હજાર ૩૧૪ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૭ લાખ ૫૨ હજાર ૨૧૧ લોકો સાજા થયા છે, જ્યારે ૧૦,૯૫૯ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. જેમાં ૨ લાખ ૮૮ હજાર ૧૪૪ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

દિલ્હીમાં ૨૨,૬૯૫ લોકો કોરોના પોઝિટિવ જોવા મળ્યા. ૨૩,૫૭૨ લોકો સ્વસ્થ થયા અને ૩૫૭ લોકો મૃત્યુ પામ્યા. અત્યાર સુધીમાં ૧૦ લાખ ૦૪ હજાર ૭૮૨ લોકો સંક્રમણની ઝપેટમાં આવી ચૂક્યા છે. તેમાંથી ૮ લાખ ૯૭ હજાર ૮૦૪ લોકો સાજા થયા છે, જ્યારે ૧૩,૮૯૮ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. અહીં ૯૩,૦૮૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. છત્તીસગઢમાં કોરોનાના ૧૬,૭૩૧ કેસ નોંધાયા હતા. ૧૭,૦૨૯ લોકો સ્વસ્થ થયા અને ૨૧૮ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યાર સુધીમાં ૬ લાખ ૩૯ હજાર ૬૯૬ લોકો મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે. તેમાંથી ૫ લાખ ૯ હજાર ૬૨૨ લોકો સાજા થયા છે, જ્યારે ૭,૧૧૧ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. ૧ લાખ ૨૨ હજાર ૯૬૩ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ગુજરાતમાં ૧૪,૦૯૭ લોકોને સંક્રમણ લાગ્યું હતુ. ૬,૪૭૯ લોકો સાજા થયા અને ૧૫૨ લોકો મૃત્યુ પામ્યા હતા. અત્યાર સુધીમાં ૪ લાખ ૮૧ હજાર ૭૩૭ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૩ લાખ ૬૭ હજાર ૯૭૨ લોકો સ્વસ્થ થઈ ગયા છે, જ્યારે ૬,૧૭૧ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. અહીં ૧,૦૭,૫૯૪ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

મધ્યપ્રદેશમાં ૧૨,૯૧૮ લોકો કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા. ૧૧,૦૯૧ લોકો સ્વસ્થ થયા અને ૧૦૪ લોકો મૃત્યુ પામ્યા. અત્યાર સુધીમાં ૪ લાખ ૮૫ હજાર ૭૦૩ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૩ લાખ ૯૧ હજાર ૨૯૯ લોકો સાજા થયા છે, જ્યારે ૫,૦૪૧ લોકો મરી ગયા છે. અહીં ૮૯,૩૬૩ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

## કોરોનાનું ત્રીજું સ્પાઈક મ્યુટેશન પહેલાથી વધુ શક્તિશાળી છે

કોરોના મહામારીની બીજી લહેરમાં વાયરસના નવા સ્વરૂપને ખતરનાક બનતું સૌ કોઈ જોઈ રહ્યું છે. અલગ-અલગ રાજ્યોમાંથી ડબલ અને ટ્રિપલ મ્યુટેશનના સમાચાર આવી રહ્યા છે. આ થિયરીને ખોટી સાબિત કરતા કહેવાયું છે કે સમયની સાથે વાયરસમાં ફેરફાર આવી રહ્યા છે. વાયરસના આનુવંશિક પરિવર્તનને સમજવું છે તો તેના માટે મ્યુટેન્ટને વિશે જાણવું પડશે. ડબલ અને ટ્રિપલ મ્યુટેન્ટના નામથી લોકો પેનિક થઈ રહ્યા છે. હૈદરાબાદના સીસીએમબીના દિવ્ય તેજ સોવપતિએ કહ્યું કે જીનોમ સિક્વન્સિંગની મદદથી તેમની પાસે રોજ નવી જાણકારી અપડેટ થઈ રહી છે. હવે દિલ્હી, મહારાષ્ટ્ર, પ.બંગાળ સહિત અનેક રાજ્યોમાં નવા સ્પાઈક મ્યુટેશન જોવા મળી રહ્યા છે. આ રિપોર્ટથી ખ્યાલ આવ્યો છે કે કોવેક્સીન અને કોવિશિલ્ડ વેક્સીન નવા વેરિઅન્ટ પર અસરકારક છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે નવું સ્પાઈક મ્યુટેશન પહેલાથી વધુ શક્તિશાળી છે. તે ઝડપથી ફેલાઈ રહ્યું છે અને સાથે જ લોકોની ઈમ્યુનિટીને તોડવામાં તેની ભૂમિકા વધુ રહી છે. ફેફસાં પર ઝડપથી તેનું હાવી થવું, દર્દીમાં ઉચ્ચ સંક્રમણની સ્થિતિ બતાવવી અને સાથે ૩-૪ દિવસમાં શ્વાસ લેવામાં તકલીફ લાગવાના લક્ષણો જોવા મળી રહ્યા છે. પ.બંગાળમાં બી.૧.૬૧૮ ગયા વર્ષે જોવા મળ્યો હતો. તેનાથી વધારે ચિંતાની વાત એ છે કે આ નવા વેરિઅન્ટમાં ડીઈએલ૧૪૫-૧૪૬ અને ઈ૪૮૪ના બંને મ્યુટેશન એકસાથે જોવા મળી રહ્યા છે. આ બંને મ્યૂટેશનની ઓળખ ઈમ્યુનિટીને નબળી કરે છે. ઈ૪૮૪ના મ્યૂટેશન સૌથી પહેલા બી ૧.૩૫૧ નામના સ્ટ્રેનમાં મળ્યા. આ સિવાય તે બી.૧.૬૧૭માં મળ્યા હતા. તેનાથી ડબલ કે ટ્રિપલનો અંદાજ રાખી શકાય નહીં. તેઓએ કહ્યું કે બી ૧.૬૧૭ નામનો સ્ટ્રેન આવ્યો ત્યારથી અત્યાર સુધીમાં ૧૫થી વધારે સ્પાઈક મ્યૂટેશન દેખાડી ચૂક્યો છે. તેથી તેનું નામ ડબલ મ્યૂટેશન રખાયું છે. તેમાં એલ૪૫૨ આર અને ઈ૪૮૪ ક્યૂ સ્પાઈક મ્યૂટેશન મળ્યા. થોડા દિવસ બાદ બી૧.૬૧૭થી એલ૪૫૨આર ખોવાયા અને સાથે હવે ઈ૪૮૪ક્યૂ સ્પાઈક મ્યૂટેશન મળી રહ્યું છે. તેને ડબલ મ્યૂટેશનનું નામ આપી શકાય નહીં. પ. બંગાળમાં મળતા બી૧.૬૧૮ને ટ્રિપલ મ્યૂટેશન કહેવું ખોટું છે કેમકે તેમાં એલ૪૫૨આર આને ઈ૪૮૪ક્યૂના સિવાય વી૩૮૨એલ સ્પાઈક મ્યૂટેશન મળ્યું છે. એલ ૪૫૨આર મ્યૂટેશન પહેલા ગાયબ થયું હતું. તો ઈ૪૮૪ ક્યૂની સાથે તેની હાજરીના વધારે સાક્ષી મળી રહ્યા નથી. આ માટે વી૩૮૨એલ સ્પાઈક મ્યૂટેશન પર વધારે ધ્યાન આપવાની જરૂર છે.

## ગુજરાતમાં આવતા મહિને બેંકો માત્ર ૧૮ જ દિવસ કાર્યરત રહેશે

ગાંધીનગર,

મે મહિનામાં, જો તમારી પાસે બેંકથી સંબંધિત કોઈ કાર્ય છે, તો રજાની સૂચિની સંભાળ રાખો અને તમારા મહત્વપૂર્ણ કાર્યને સંભાળો. મે મહિનામાં બેંકો કુલ ૧૨ દિવસ માટે બંધ રહેશે. મે મહિનામાં ઈદ, અક્ષય તૃતીયા અને બુદ્ધ પૂર્ણિમા સહિતના ઘણા તહેવારો છે, આ દિવસે ઘણા રાજ્યોમાં બેંકોની રજા રહેશે. ૧ મે ??એ મહારાષ્ટ્ર દિવસ / મે દિવસ છે. આ દિવસે મજૂર દિવસની ઉજવણી કરવામાં આવે છે. કેટલાક રાજ્યોની બેંકો આ દિવસે બંધ રહેશે. તે જ સમયે, ૨ મેના રવિવારના કારણે બેંકો બંધ રહેશે.

જેમ કે કોલકાતા, કોચી, મુંબઈ, નાગપુર, પનાજી, પટણા, ચેન્નાઈ, તિરુવનંતપુરમ, હૈદરાબાદ, ગુવાહાટી, ઈમ્ફાલ, બેંગલુરુ અને બેલાપુર. જુમાત-ઉલ-વિદા નિમિત્તે ૭ મેના રોજ બેંકો બંધ રહેશે. આ દિવસ શુક્રવાર છે. રમઝાનનો અંતિમ જુમ્મા નમાઝ પડાવવામાં આવશે. આ પ્રસંગે ફક્ત જમ્મુ અને શ્રીનગરમાં જ બેંકો બંધ રહેશે.

૧૩ મે એ ઈદ-ઉલ-ફિતર છે. આવી સ્થિતિમાં આ દિવસે બેલાપુર, જમ્મુ, કોચી, મુંબઈ, નાગપુર, શ્રીનગર અને તિરુવનંતપુરમમાં બેંકો બંધ રહેશે.

ભગવાન શ્રી પરશુરામ જયંતિ / રમઝાન-ઈદ (ઈદ-ઉલ-ફિત્ર / બસવા જયંતિ અને અક્ષય તૃતીયા) ૧૪ મે ૨૦૨૧ ના ??રોજ છે. આ દિવસ શુક્રવારે પડી રહ્યો છે. ઘણા શહેરો બેંકોમાં કાર્યરત નહીં હોય.

૨૬ મે ૨૦૨૧ ના ??રોજ તે બુદ્ધ પૂર્ણિમા છે. અગરતલા, બેલાપુર, ભોપાલ, ચંદીગઢ , દહેરાદૂન, જમ્મુ, કાનપુર, કોલકાતા, લખનઉ, મુંબઈ, નાગપુર, નવી દિલ્હી, રાયપુર, રાંચી અને શિમલા અને શ્રીનગરમાં આ દિવસે બેંકો બંધ રહેશે.

દેશમાં કોરોના ચેપના કેસમાં સતત વધારાને ધ્યાનમાં રાખીને, બેંકોના સંગઠન, ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (આઈબીએ) એ બેંકને સવારે ૧૦ થી બપોરે ૨ વાગ્યા સુધી ખોલવાની સલાહ આપી છે, એટલે કે હવે ફક્ત ૪ કલાકની કામગીરી માટે સામાન્ય જનતા ખુલી જશે આ સંદર્ભમાં, આઈબીએએ તમામ રાજ્ય કક્ષાની બેંકિંગ સમિતિઓને માર્ગદર્શિકાનું પાલન કરવાનું કહ્યું છે. જ્યાં સુધી કોરોનામાં સ્થિતિ સામાન્ય નહીં આવે ત્યાં સુધી આ સિસ્ટમ અમલમાં રહેશે. તમને જણાવી દઈએ કે બેંકમાં રજાઓ દર વર્ષે બદલાય છે. સ્થાનિક રજાઓ હોય તેવા રાજ્યો સિવાય, અન્ય રાજ્યોમાં બેંકિંગ કામગીરી સામાન્ય રીતે કરવામાં આવશે.

## તમામ સરકારી-ખાનગી હોસ્પિટલો ઓક્સિજનના વપરાશનો રેકોર્ડ રાખવા આદેશ

અમદાવાદ,

કોરોનાના દર્દીઓને અપાતા ઓક્સિજન મામલે આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરેએ અજીબો ગરીબ નિર્ણય કર્યો છે. આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરે દ્વારા પત્ર લખી તમામ દર્દીઓને અપાતા ઓક્સિજનનો અલાયદો રેકોર્ડ રાખવા આદેશ કરાયો છે. જરૂરિયાત મુજબ ઓક્સિજનનો ઉપયોગ થાય, ઓક્સિજનનો બગાડ અટકાવવાના આશયથી તમામ દર્દીને અપાતા ઓક્સિજનનો રેકોર્ડ રાખવા આદેશ કરાયો છે.

આરોગ્ય કમિશનર દ્વારા આદેશ કરાયો કે, રાજ્યની તમામ સરકારી - ખાનગી હોસ્પિટલે આદેશનું પાલન કરવાનું રહેશે. દર્દીને આપવામાં આવતા ઓક્સિજનની વિગતો દૈનિક ધોરણે સારવાર કરનાર ફિઝિશિયન/ એનેસ્થેટીસ્ટએ ભરવાની રહેશે. આ વિગતો દર્દીના કેસ પેપર ઉપરાંત અલગથી તૈયાર કરવાની રહેશે. ફરજિયાત તમામ સરકારી - ખાનગી હોસ્પિટલોએ દર્દીને અપાતા ઓક્સિજનનો રેકોર્ડ રાખવાનો રહેશે. તેમજ આ આદેશનું પાલન ના કરનાર હોસ્પિટલ સામે દંડનાત્મક કાર્યવાહી કરાશે. રાજ્યભરમાં કોવિડના દર્દીઓ સતત વધતા, તેમની સારવાર માટે ઓક્સિજનની મોટા પ્રમાણમાં ઉભી થયેલી જરૂરિયાત અને સતત ઓક્સિજનની સર્જાઈ રહેલી અછતને ધ્યાનમાં રાખીને આરોગ્ય કમિશનરે આ નિર્ણય કર્યો છે.

બીજી તરફ, અમદાવાદ હોસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ એસોશિયેશન (આહના)ના પૂર્વ સેક્રેટરીએ આરોગ્ય કમિશન જયપ્રકાશ શિવહરેના નિર્ણયને હાસ્યાસ્પદ ગણાવ્યો છે. આહનાના પૂર્વ સેક્રેટરી ડોક્ટર વીરેન શાહે કહ્યું કે, દરેક દર્દીને અપાતા ઓક્સિજનનો રેકોર્ડ કેવી રીતે રાખી શકાય. દર્દીની સ્થિતિ મુજબ સમયાંતરે ઓક્સિજનના વપરાશમાં વધારો - ઘટાડો થાય છે. દર્દીને અપાતી દવાઓની જેમ ઓક્સિજનનો પણ રેકોર્ડ રાખવો શક્ય જ નથી. ડો. વીરેન શાહે કહ્યું કે, વિશ્વના કોઈપણ દેશે તેના ડોક્ટરને દૈનિક ધોરણે દર્દીને અપાતા ઓક્સિજનનો રેકોર્ડ રાખવા આદેશ કર્યો હોય, એવું કોઈએ સાંભળ્યું છે ખરું?


**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**બારીઆ હસમુખભાઈ ચીમનભાઈ**

**મુ. સાલીયા, તા. દે.બારીઆ**



**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**એમ. કે. પરમાર**

**મુ. રીંછીયા, તા. કાલોલ**


## દિલ્હીમાં એક સપ્તાહ માટે લંબાવાયું લોકડાઉન, હવે ૩ મે સુધી તાળાબંધી

ન્યુ દિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કોરોનાની વિકરાળ સ્થિતિને જોતા લોકડાઉનને લંબાવાની જાહેરાત કરી. દિલ્હીમાં ૩ મે સુધી લોકડાઉન ગાઈડલાઈન્સમાં કોઈ ફેરફાર કરાશે નહીં. અત્યારે ચાલી રહેલા નિયમો આગળ લાગૂ રહેશે. અત્યારની જેમ જ છૂટ અને પ્રતિબંધો રહેશે.



આજે સવારે ૫ વાગ્યે ખત્મ થઈ રહેલા ૬ દિવસના લોકડાઉનને લંબાવી દીધું. એક રીતે છેલ્લું હથિયાર છે કોરોના સામે ડીલ કરવા માટે. હજુ પણ કોરોનાનો કહેર ચાલુ છે. આ ઓછો થયો નથી. આથી પ્રજાની સાથે વાત કરવાની કોશિશ કરી. બધાનો મત છે કે લોકડાઉનને વધારવું જોઈએ. આથી એક સપ્તાહ માટે લોકડાઉનને વધારવામાં આવી રહ્યું છે તેવી જાહેરાત કેજરીવાલે કરી.

અરવિંદ કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું કે, દિલ્હીમાં કોરોનાના કેસમાં ખૂબ વધારો થઈ રહ્યો છે. આ કારણે દિલ્હીમાં લોકડાઉન લાગુ કરવું ખૂબ જરૂરી બની ગયું હતું. મુખ્યમંત્રીના કહેવા પ્રમાણે કોરોનાનો સામનો કરવા માટે લોકડાઉન અંતિમ હથિયાર છે. જે રીતે કેસ વધી રહ્યા હતા તે જોતા અંતિમ હથિયારનો ઉપયોગ કરવો જરૂરી બની ગયું હતું.

મુખ્યમંત્રી કેજરીવાલે જણાવ્યું કે, હજુ પણ કોરોનાનો કહેર ચાલુ છે. આ કારણે અમે રાજ્યમાં લોકડાઉન વધારવાનો નિર્ણય લીધો છે. આગામી ૩ મેની સવારના ૫:૦૦ વાગ્યા સુધી લોકડાઉન લંબાવવામાં આવ્યું છે. આ ઉપરાંત તેમણે દિલ્હીમાં વર્તાઈ રહેલી ઓક્સિજનની તંગી અંગે પણ ચર્ચા કરી હતી. દિલ્હીમાં પોઝિટિવિટી રેટ ૩૨ ટકાથી ઉપર ચાલી રહ્યો છે, ઓક્સિજનનું સંકટ વર્તાઈ રહ્યું છે અને બેડ્સની પણ તંગી છે માટે સરકાર પાસે લોકડાઉન લંબાવવા સિવાય કોઈ વિકલ્પ નથી બચ્યો.

## રાજ્યમાં સ્થિતિ ગંભીર બનતા નોઈડાથી ૫૦૦ નવા વેન્ટિલેટર ગુજરાત લવાયા

અમદાવાદ,

રાજ્યમાં ગંભીર પ્રકારના દર્દીઓની સંખ્યા વધતા રાજ્ય સરકારે આગોતરુ આયોજન કર્યું છે. જેને પગલે નોઈડાથી ગુજરાતમાં નવા ૫૦૦ વેન્ટિલેટર આજે આવી પહોંચ્યા છે. પૈકી ૧૦૦ વેન્ટિલેટર સયાજી હોસ્પિટલમાં ઉતારવામાં આવ્યા હતા. જ્યારે ૧૦૦ વેન્ટિલેટર ભાવનગર મોકલાશે અને ૩૦૦ નવા વેન્ટિલેટરને રાજ્યના અન્ય શહેરોમાં



ફાળવવામાં આવશે. અમદાવાદ, જામનગર, ભાવનગર, રાજકોટ વડોદરાને નવા વેન્ટિલેટરની ફાળવણી કરવામાં આવશે.

## ભારત અને ફ્રાંસની નૌસેનાઓ અરબ સાગરમાં કરશે ૩ દિવસીય યુદ્ધાભ્યાસ

ન્યુ દિલ્હી,

ભારત અને ફ્રાંસની નૌસેનાઓ રવિવારથી અરબ સાગરમાં ત્રણ દિવસીય યુદ્ધાભ્યાસની શરૂઆત કરશે અને આ દરમિયાન એડવાન્સ એર ડિફેન્સ એન્ડ એન્ટી સબમરીન જેવા જટિલ નૌસૈન્ય અભિયાન ચલાવવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું કે, વરૂણ અભ્યાસના ૧૯મા સંસ્કરણમાં બંને નૌસેનાઓ વચ્ચે સમન્વય અને મળીને અભિયાન ચલાવવાના સ્તરનું પ્રદર્શન થશે.

તેમણે જણાવ્યું કે, ભારતીય નૌસેના નિર્દેશિત મિસાઈલ પેનિટ્રેટિંગ ડિસ્ટ્રોયર કોલકાતા નિર્દેશિત મિસાઈલ ફ્રિગેટ તરકશ અને તલવાર, ફલીટ આસિસ્ટન્ટ જહાજ દીપક, કલવરી શ્રેણીની એક સબમરીન અને લાંબા અંતરના પી-૮ આઈ સમુદ્રી પેટ્રોલિંગ વિમાનની ટુકડી તૈનાત કરશે.

રાફેલ એમ લડાકુ વિમાનની સાથે વિમાન વાહક ચાર્લ્સ ડી ગાઉલે, ઈ૨સી હોકેયે વિમાન અને હેલિકોપ્ટર કાએમૈન એમ અને દાઉફિન ફ્રાંસીસી નૌસેનાનું પ્રતિનિધિત્વ કરશે. ફ્રાંસીસી નૌસેના એર ડિફેન્સ ડિસ્ટ્રોયર શેવેલિયર પોલ, ફ્રિગેટ પ્રોવેંસ અને જહાજ વારને પણ તૈનાત કરશે.

પશ્ચિમી ટુકડીના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ રિયર એડમિરલ અજય કોચર ભારતીય પક્ષ અને કમાન્ડર ટાસ્ક ફોર્સ ૪૭૩ રિયર એડમિરલ માર્ક ઔસેદાત ફ્રાંસીસી પક્ષનું નેતૃત્વ કરશે.

## ઓક્સિજનની સમસ્યા, ૫૫૧ નવા ઓક્સિજન પ્લાન્ટ લગાવવામાં આવશે

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાનો પ્રકોપ દિન પ્રતિદિન વધી રહ્યો છે. આજે પણ કોરોનાના નવા ૩.૪૯ લાખથી વધુ નવા દર્દીઓ નોંધાયા. આ દરમિયાન હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. દવાઓ અને ઓક્સિજનની અછત જોવા મળી રહી છે. આ બધા વચ્ચે પીએમ મોદીએ ઓક્સિજનની સમસ્યા પર મોટો નિર્ણય લીધો છે.

મળતી માહિતી મુજબ દેશમાં ૫૫૧ નવા ઓક્સિજન પ્લાન્ટ લગાવવામાં આવશે. આ માટે પીએમ કેયર્સ ફંડમાંથી ગ્રાન્ટ આપવામાં આવશે. કેન્દ્ર સરકારે આ ઓક્સિજન પ્લાન્ટ માટે મંજૂરી આપી દીધી છે. આ પ્લાન્ટ સરકારી હોસ્પિટલોની અંદર લગાવવામાં આવશે. પીએમ મોદી આ પ્લાન્ટને જેમ બને તેમ જલદી કાર્યરત કરવાના આદેશ આપ્યા છે. આ કાર્ય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા હાથ ધરાશે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોનાના નવા ૩,૪૯,૬૯૧ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૧,૬૯,૬૦,૧૭૨ પર પહોંચ્યો છે. જેમાંથી ૧,૪૦,૮૫,૧૧૦ દર્દીઓ રિકવર થયા છે જયારે ૨૬,૮૨,૭૫૧ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં કોરોનાથી ૨૭૬૭ દર્દીઓના મોત થયા છે. કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૧,૯૨,૩૧૧ પર પહોંચ્યો છે. રસીકરણ અભિયાન હેઠળ દેશભરમાં અત્યાર સુધીમાં ૧૪,૦૯,૧૬,૪૧૭ લોકોને રસી આપવામાં આવી છે.

# મહિસાગર જિલ્લામાં આજે ૮૪ પોઝિટિવ કેસ નોંધાયા



લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૭ સ્ત્રી, ૧૫ પુરૂષ, કડાણા તાલુકાની ૦૭ સ્ત્રી, ૦૪ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૫ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૮ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૯ સ્ત્રી, ૧૫ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૭ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૫-૦૪-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૩૬૮૬ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૩ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૬ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૮ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૫ પુરૂષ અને વિરપુર તાલુકાના ૦૪ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૯૨૨ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૧૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૪૦ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૫૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૯૦૫૦૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૮ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૪૦૨ દર્દી હોમ આઇસોલેશન, ૬૨ દર્દી એસ. ડી.એચ.સંતરામપુર અને ૪૨ દર્દી અન્ય જિલ્લા ખાતે તેમજ ૧૬૮ દર્દી પ્રાઇવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૫૭૮ દર્દીઓ સ્ટેબલ અને ૧૨૭ દર્દીઓ ઓકિસજન પર અને ૦૭ વેન્ટીલેટર પર છે.

# લુણાવાડાના તીરઘરવાસમાં લગ્ન પ્રસંગમાં મંજૂરી કરતા બેન્ડ કબ્જે કરી ગુનો દાખલ કરવામાં આવ્યો



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

છેલ્લા ત્રણ-ચાર દિવસથી અખબારોમાં અને ટી.વી.ના માદયમોમાં પણ મહીસાગર જિલ્લામાં લગ્નપ્રસંગોમાં ગાઇડલાઇન અને જાહેરનામાના ભંગ બદલ વહીવટી અને પોલીસ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી રહેલ ચેકીંગની કામગીરી અને કરવામાં આવી રહેલ કાયદેસરની કાર્યવાહીના સમાચારો પ્રસારિત થઇ રહ્યા છે છતાં પણ મહીસાગરવાસીઓમાં જિલ્લા કલેકટરની અપીલ હોય કે પ્રસારિત થતા સમાચારો હોય જાણે કે કોઇ અસર ન થતી હોય તેમ અમુક લોકો હજુ પણ તેને ગંભીરતાથી નથી લઇ રહ્યા અને લગ્ન પ્રસંગોમાં જરૂરિયાત કરતાં વધુ મહેમાનોને આમંત્રિત કરી રહ્યા છે.

જિલ્લા કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસ વડા રાકેશ બારોટ અને નાયબ પોલીસ અધિક્ષકએ હાલમાં ચાલી રહેલ કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે કોવિડ-૧૯ની સુચનાઓ, જાહેરનામા અને ગાઇડલાઇનનું ચૂસ્તપણે પાલન થાય તે માટે જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના પોલીસ જવાનોને કડક કાર્યવાહી હાથ ધરવા સૂચના આપી છે.

આ સુચનાના આધારે આજે તા.૨૫મીના રોજ લુણાવાડા પોલીસ સ્ટેશનના પોલીસ જવાનો પોલીસ સ્ટેશન વિસ્તારમાં લગ્ન પ્રસંગના સ્થળો ચેક કરી રહ્યા હતા. આ ચકાસણી દરમિયાન લુણેશ્વર ચોકી વિસ્તારના તીરઘરવાસ લુણાવાડાના ડાહ્યાભાઇ રણછોડભાઇ મકવાણાનાઓએ પોતાના ઘરે લગ્ન પ્રસંગનું આયોજન કરેલ. આ કરવામાં આવેલ આયોજનની ચકસાણી દરમિયાન ૫૦ કરતા વધારે માણસો ભેગા કર્યા હતા અને સોશિયલ ડિસ્ટન્સ જાળવેલ નહીં અને જાહેરનામાનો ભંગ કરેલ હોવાનું જણાઇ આવતાં બેન્ક માલિક પુનમભાઇ મોહનભાઇ તુરી તથા ગાયક કલાકાર પ્રવિણભાઇ હંસરાજ શીકલીઘર રહે. એકતા-શાંતિનગર લુણાવાડાના વિરૂધ્ધમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ કલમ-૫૧ તથા ઇ.પી.કો. કલમ-૨૬૯ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ની કલમ-૩(૧) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી લુણાવાડા પોલીસ સ્ટેશનમાં તેઓના વિરૂધ્ધ ગુન્હાઓ દાખલ કરવામાં આવ્યા છે તેમજ ગુનહાને કામે બેન્ડ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી હોવાનું લુણાવાડા પોલીસ સ્ટેશન દ્વારા જણાવાયું છે.

આ થી મહીસાગરવાસીઓ પોતાને ત્યાં યોજાતા લગ્ન પ્રસંગો કોવિડ-૧૯ની ગાઇડલાઇન મુજબ અને નિયત મહેમાનોની હાજરીમાં જ યોજવામાં આવે તે જોજો. જિલ્લાનું પોલીસ તંત્ર ગમે ત્યારે ચેકીંગ કરશે અને જો સહેજપણ ગાઇડલાઇનનો ભંગ થશે તો કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ગુન્હો નોંધવામાં આવશે તેની મહીસાગરવાસીઓએ ગંભીરતાથી નોંધ લેવી.

# લુણાવાડા જનરલ હોસ્પિટલના સેવાસેતુ તબીબને જિલ્લા કલેકટર દ્વારા ધમકી આપ્યાનો આક્ષેપ

લુણાવાડા,

લુણાવાડા જનરલ હોસ્પિટલ ખાતે મહિસાગરના કલેકટરની મુલાકાત લેવા કોરોના દર્દીઓની લાઇન લાગી હતી. કલેકટરે તપાસ કરતા તબીબ હાજર મળી આવ્યા ન હતા. જેથી કલેકટરે તબીબ જીગર પટેલને ફોન કરતા તબીબે રાજીનામુ આપ્યુ હોવાનુ જણાવતા કલેકટરે ગુસ્સે ભરાઈને તબીબને મહામારીના સમયે સેવા છોડીને ન જવાનુ હોય તેમ કહીને એપીડેમીક એકટ મુજબ કાર્યવાહી કરવાનુ જણાવ્યુ હતુ.

ડો.જીગર છેલ્લા એક વર્ષથી આ હોસ્પિટલમાં કોવિડ-૧૯માં મુખ્ય સેવાસેતુ અંતર્ગત ફીઝીશીયન તરીકે ફરજ બજાવતા હતા. આ તબીબે ત્રણ માસ અગાઉ રાજીનામુ આપ્યુ હતુ. પોતાની હોસ્પિટલ ચાલુ થતી હોઈ ત્યાં સેવાઓ આપવા તેઓએ જિલ્લા આરોગ્ય અધિકારીને લેખિતમાં જાણ કરી છે. કલેકટરે તેમને પોતાનુ ક્લિનિક છ મહિના પછી ચાલુ કરશો તો લુંટાશો તેમ કહી નોકરી છોડી જશો તો એપીડેમીક એકટ હેઠળ ગુનો દાખલ કરવાની ધમકી આપ્યાનો આક્ષેપ તબીબે કર્યો હતો.

# લીમખેડાના મુનાવાણી ગામે જીપ ચાલકે બાઈકને અડફેટે લેતા બાઈક ચાલકનું મોત

લુણાવાડા,

લીમખેડા તાલુકાના મુનાવાણી ગામે રહેતા સનાઈ બારીયા તથા મુકેશ બારીયા સહિત બંને પિતરાઈ ભાઈઓ મોટર સાયકલ ઉપર તેની બહેનના ઘરે ભાણેજના મહેમાન આવવાના હોય કુન્લી ગામે ગયા હતા. સામાજિક પ્રસંગમાં હાજરી આપી સના બારીયા તથા મુકેશ બારીયા મોટર સાયકલ લઈને બપોરે કુન્લી ગામેથી ઘરે પરત જવા નીકળ્યા હતા દરમિયાન રસ્તામાં ઉમેદપુરા ગામે બસ સ્ટેન્ડ પાસે પહોંચતા દુધિયા તરફથી રોંગસાઈડે પુરપાટ હંકારી આવેલા એક જીપના ચાલકે તેઓને અડફેટમાં લીધા હતા. આ અકસ્માતમાં સના બારીયા (ઉ.વ.૩૫)નુ માથા તથા મોંઢાના ભાગે ઈજાઓ થવાથી મોત નીપજયું હતુ. જયારે મુશેક બારીયાને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી જીપનો ચાલક ભાગે છુટ્યો હતો.

# સંતરામપુરમાં આરોગ્ય વિભાગ દ્વારા ૫૭૨ વ્યકિતનું રસી મૂકવામાં આવી



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં સતત કોરોનાનો સંક્રમણ દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે. જયારે સંતરામપુર નગરમાં આરોગ્ય વિભાગ દ્વારા સંખ્યાબંધ લોકો અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગુજરાત સરકારના આદેશ મુજબ સતત રસીકરણ કરવાનું કામગીરી હાથ ધરી છે. સંતરામપુરમાં રોજના આશરે ૫૦૦ ઉપરાંત વ્યક્તિઓ રસી મુકવા માટે આવતા હોય છે. હવે ધીરે ધીરે સંતરામપુરના નાગરિકોમાં રસી મુકવા માટેની જાગૃતતા જોવા મળેલી છે. પોતાની રીતે સવારથી રસી મુકવા માટે આવી પહોંચ્યા હોય છે. સંતરામપુર નગરમાં ઘણા સમયથી કોરોનાની સંખ્યાનું પ્રમાણ સતત વધારો થઈ રહ્યો છે. રોજિંદા ૭૦ જેટલા કેસો આવતા હોય છે. દિવસના ત્રણથી ચાર વ્યક્તિઓના મોત થતા હોય છે. જયારે બીજી બાજુ સંતરામપુર હોસ્પિટલમાં ૮૦ જેટલા વ્યક્તિઓને કોવિડ હોસ્પિટલમાં સારવાર અપાઇ રહી છે. સ્ટેટ હોસ્પિટલના જવાબદાર અધિકારી વણકર આરોગ્ય વિભાગના ગોસાઈ સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં સતત દર્દીઓની સારવાર માટે પૂરતું ધ્યાન આપે રહ્યું છે. સંતરામપુર હોસ્પિટલમાં અત્યારે ઓક્સિજન પૂરૂં પાડવામાં આવે છે.

# વેક્સિન સાથે સંકળાયેલી અફવાઓ પર ધ્યાન ન આપશોઃ મોદીની મન કી બાત



ન્યુ દિલ્હી,

કોરોના વાયરસના વધતા કેસની વચ્ચે પીએમ મોદીએ આજે 'મન કી બાત' કરી. મોદીએ કહ્યું કે કોરોનાની બીજી લહેરે દેશને હચમચાવીને મૂકી દીધો છે. તેમણે કહ્યું કે કોરોના વાયરસ દેશના લોકોને ધીરજ અને દુઃખ સહન કરવાની મર્યાદાની પરીક્ષા લઈ રહ્યું છે. કેટલાંય લોકોને અસમયે સ્વજનોને ગુમાવ્યા છે. આ સમય હિંમતથી લડાઈ લડવાનો છે.

પીએમ મોદીએ કહ્યું કે રાજયની સરકારો પણ ફરજ નિભાવવામાં લાગી ગઈ છે. પૂરી તાકાતની સાથે કોરોનાની સામે લડાઈ લડી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે તમારું અને પરિવારનું ધ્યાન રાખજો.

વડાપ્રધાને કહ્યું કે, કોરોના વાયરસ દેશના લોકોના ધૈર્ય અને દુખ સહન કરવાની પરીક્ષા લઈ રહ્યો છે. અનેક લોકોએ કસમયે પોતાના નજીકના લોકોનો સાથ ગુમાવ્યો છે. આ સમય હિંમતથી લડાઈ લડવાનો છે. રાજયની સરકારો પણ પોતાની જવાબદારી સંભાળવામાં લાગી છે અને પૂરી તાકાત સાથે કોરોના સામે લડવામાં આવી રહ્યું છે. આ સમયે તમારૂં પણ ધ્યાન રાખો અને તમારા પરિવારનું પણ ધ્યાન રાખો.

આ દરમિયાન વડાપ્રધાને મુંબઈના ડોક્ટર શશાંક સાથે પણ વાત કરી હતી. ડો. શશાંકના કહેવા પ્રમાણે લોકો કોરોનાની સારવાર મોડી શરૂ કરે છે. ફોન પર આવે તે બધી વાતો પર વિશ્વાસ મુકી દે છે. ભારતમાં સારવારના બેસ્ટ પ્રોટોકોલ ઉપલબ્ધ છે અને લોકો સાજા થઈ રહ્યા છે. કોરોનાના મ્યુટેન્ટથી ડરવાની જરૂર નથી. આ કોરોના જેટલી ઝડપથી ફેલાઈ રહ્યો છે તેટલી જ ઝડપથી લોકો સાજા પણ થઈ રહ્યા છે. વડાપ્રધાને શ્રીનગરના ડોક્ટર નાવિદ સાથે પણ વાત કરી હતી. ડોક્ટર નાવિદે કોરોના અંગે અનેક મહત્વની જાણકારીઓ શેર કરી હતી.

કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાને લોકોને ફક્ત નિષ્ણાંતોની વાત પર વિશ્વાસ મુકવા વિનંતી કરી હતી. તેમણે લોકોને ડોકટર્સની વાત માનીને જરૂરી ઉપાય અપનાવવા કહ્યું હતું. વધુમાં કહ્યું હતું કે, વેક્સિનના મહત્વથી સૌ કોઈ વાકેફ છે, વેક્સિન સાથે સંકળાયેલી અફવાઓ પર ધ્યાન ન આપશો. યોગ્ય હોય તે બધા જ વેક્સિનેશન સેન્ટર પર જઈને વેક્સિન લગાવડાવે.

મન કી બાતના ૭૫મા સંસ્કરણ માટે લોકોએ ખૂબ જ શુભેચ્છાઓ પાઠવી હતી જેને લઈ વડાપ્રધાને શ્રોતાઓનો આભાર માન્યો હતો. આ એપિસોડમાં તેમણે તાળી-થાળી અંગે પણ ચર્ચા કરી હતી.

# 'સિસ્ટમ ફેલ થઈ ગઈ છે, હવે જન કી બાત કરો': રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રવિવારે કોંગ્રેસના તમામ કાર્યકરોને કહ્યું કે સિસ્ટમ નિષ્ફળ ગઈ છે અને તેથી જ તેઓ તમામ રાજકીય પ્રવૃત્તિઓ છોડી દે અને કોરોના વાયરસ સામેના આ યુદ્ધમાં લોકોને મદદ કરે. તેમણે કહ્યું કે, આ સમય લોકોની સુખાકારી વિશે વાત કરવાનો છે. કારણ કે, 'સિસ્ટમ' સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. કેરળના વાયનાડના કોંગ્રેસના સાંસદએ આ ટ્વિટ એવા સમયે કર્યું છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના રેકોર્ડ બ્રેક ૩,૪૯,૬૯૧ નવા કેસ નોંધાયા છે. એટલું જ નહીં, દેશમાં આ વાયરસને કારણે પ્રથમ વખત ૨૭૬૭ લોકોએ જીવ ગુમાવ્યો છે.

રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યું, 'સિસ્ટમ નિષ્ફળ છે, તેથી જનહિતની વાત કરવી મહત્વપૂર્ણ છેઃ આ કટોકટીમાં દેશને જવાબદાર નાગરિકોની જરૂર છે. હું મારા કોંગ્રેસના સાથીઓને વિનંતી કરું છું કે, તમામ રાજકીય કાર્ય છોડી દે અને ફક્ત જનતાને મદદ કરે, દેશવાસીઓના દુખને દૂર કરવામાં મદદ કરે. આ કોંગ્રેસ પરિવારનો આ જ ધર્મ છે.

આના એક દિવસ પહેલા શનિવારે ચેપના કેસમાં સતત વધારો થવાના કારણે કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ શનિવારે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે પ્રચાર અને બિનજરૂરી પ્રોજેક્ટ્સ પર ખર્ચ કરવાને બદલે, રસી, ઓક્સિજન તથા અન્ય સ્વાસ્થ્ય સેવાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

તેમણે ટ્વીટ કર્યું, " કેન્દ્ર સરકારને અપીલ છે કે, પીઆર અને બિનજરૂરી પ્રોજેક્ટ્સ પર ખર્ચ કરવાને બદલે રસીઓ, ઓક્સિજન અને અન્ય આરોગ્ય સેવાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે."

# ભારતમાં ટૂંક સમયમાં આવશે નાકથી અપાતી રસી

ન્યુ દિલ્હી,

ભારતને ટૂંક સમયમાં નાક દ્વારા આપવામાં આવતી કોરોના રસી મળી શકે છે. ડ્રગ કંટ્રોલર ઓફ ઈન્ડિયાએ થોડા દિવસ પહેલા હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક કંપનીની નાકથી આપવામાં આવતી રસીના પ્રથમ તબક્કાને પરીક્ષણને મંજૂરી આપી હતી. જેને લઈ ભારત બાયોટેકના એમડી ડો. ક્રિષ્ના એલ્લાએ એક ચેનલ સાથે એક્સક્લુસિવ વાત કરી હતી.

સોય દ્વારા આપવામાં આવતી રસી ફક્ત નીચલા ફેફસાં, ઉપલા ફેફસાં અને નાક સુધી જ સુરક્ષિત નથી હોતી. રસી અપાયેલા લોકોને ચેપ લાગી શકે છે. પરંતુ રસી તમને હોસ્પિટલમાં દાખલ થવામાં રોકે છે. તમને ૨-૩ દિવસ સુધી તાવ આવે છે. પરંતુ મૃત્યુદરમાં ઘટાડો થશે.

નાક દ્વારા આપવામાં આવતી રસી રસ્તામાં જ છે. અમારી પ્રથમ તબક્કાની ટ્રાયલ ચાલી રહી છે અને ૮ મે છેલ્લી તારીખ છે. અમે (ભારત બાયોટેક) નાકની રસી લઈને આવનાર વિશ્વના પ્રથમ હોઈશું. અમે નાકની રસીના ડેટાની રાહ જોઈ રહ્યા છીએ. જો નિયમનકારો મદદ કરે તો અમે યુએસ અને ચીન તરફથી સ્પર્ધા હોવા છતાં આપણે પ્રથમ હોઈશું, તેમ કૃષ્ણ એલ્લાએ ઉમેર્યું.

# ગુજરાતનું વુહાન બનવા જઈ રહ્યું છે અમદાવાદ

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં કોરોનાના કેસ સતત વધારો જોવા મળી રહ્યો છે. સતત કોરોનાના પાંચ હજારથી વધારે નવા કેસ નોંધાઈ રહ્યા છે. શનિવારે નવા ૫૬૧૭ કેસ અને ૨૫ લોકોના મોત સાથે અત્યાર સુધીમાં કુલ ૧૨૭૩૧૬ કેસ ગત વર્ષના માર્ચથી નોંધાઈ ગયા છે.આ વર્ષે પહેલી માર્ચથી ૨૩ માર્ચ સુધીમાં શહેરમાં કુલ ૪૨૦૨ કેસ નોંધાયા હતા.જયારે આ મહિનાની પહેલી તારીખથી ૨૪ એપ્રિલ સુધીમાં ૫૪,૦૯૧ કેસ નોંધાયા છે.સ્થિતિ કેટલી હદે ગંભીર બની રહી છે એ આ આંક બતાવી રહ્યા છે.

અમદાવાદ શહેરમાં શનિવારે નવા ૫૬૧૭ કેસ નોંધાતા શહેરમાં અત્યાર સુધીમાં કુલ ૧,૨૭,૩૧૬ કેસ નોંધાયા છે.કુલ ૧૫૮૫ લોકોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતાં અત્યાર સુધીમાં કુલ ૮૦૭૨૩ લોકો સાજા થયા છે.શનિવારે ૨૫ લોકોના મરણ થતાં અત્યાર સુધીમાં કુલ ૨૬૯૪ લોકોના સંક્રમિત થવાથી મરણ થવા પામ્યા છે.શહેરમા નવા કેસ વધવાની સાથે એકિટવ કેસની સંખ્યા પણ સતત વધી રહી છે.૨૦ એપ્રિલે એકિટવ કેસની સંખ્યા ૨૩૯૯૫ હતી.૨૧ એપ્રિલે એકિટવ કેસની સંખ્યા ૨૭૭૨૭ હતી.૨૨ એપ્રિલે એકિટવ કેસની સંખ્યા ૩૧૬૦૭ હતી.૨૩ એપ્રિલે એકિટવ કેસની સંખ્યા ૩૫૭૫૦ હતી.૨૪ એપ્રિલે એકિટવ કેસની સંખ્યા ૩૯૮૯૨ હોવાનું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સત્તાવાર યાદીમાંથી જાણવા મળ્યું છે.

એપ્રિલમાં આવેલી કોરોનાની બીજી લહેર શહેર માટે ઘાતક પૂરવાર થઈ છે. પહેલી લહેરમાં સૌથી વધુ રોજિંદા કેસ ૨૧ નવેમ્બરે ૩૫૪ હતા. જ્યારે બીજી લહેરમાં શનિવારે ૫૬૧૭ કેસ નોંધાયા હતા. જે પહેલી લહેરના દૈનિક હાઈએસ્ટ કેસ કરતાં ૧૬ ગણા વધુ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી વધુ ૨૫ દર્દીના મૃત્યુ પણ થયા હતા. શહેરમાં કોરોનાનો પહેલો કેસ નોંધાયાને ૧૩ મહિનાથી વધુ સમયમાં કુલ ૧,૨૭,૭૦૮ કેસ આવ્યા છે. જેમાં એપ્રિલના ૨૪ દિવસમાં ૫૮,૯૧૨ એટલે કે કુલ કેસના ૪૬ ટકા આવ્યા છે. લાંબા સમય પછી વિવિધ હોસ્પિટલોમાંથી ૧૫૮૫ દર્દીને રજા અપાઈ હતી. આજે પણ શહેરમાં અંદાજે ૪૦ હજાર એક્ટિવ કેસ છે. ખાનગી હોસ્પિટલોમાં ૫ આઈસીયુ અને ૫ વેન્ટિલેટર બેડ ખાલી છે. દરમિયાન આઈઆઈએમમાં મ્યુનિ. શનિવારે વધુ ૧૦૪ના ટેસ્ટ કર્યા હતા. જેમાંથી ૧૫ પોઝિટિવ આવ્યા હતા. સંસ્થામાં પોઝિટિવનો કુલ આંક ૪૦૨ થયો છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૩-૦૪-૨૦૨૧, શુક્રવાર, ચૈત્ર સુદ-૧૧, સૂર્યોદય-૬-૧૩, સૂર્યાસ્ત-૭-૦૦, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કર્ક(ડ.હ.) , નક્ષત્રઃ આશ્લેષા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભ ચોઘડીયા-<br>અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૬.૦૪.૨૦૨૧ સોમવાર

મેષ(અ.લ.ઈ.) :- નવી યોજનાઓમાં અનુકુળતાઓ વધવાની છે સંસ્થામાં સારો હોદ્દો મળે. આત્મવિશ્વાસ વધારવો.
વૃષભ(બ.વ.ઉ.) :- મિત્રો સાથે મતભેદો ટાળજો. સાહસિકો એ થોડી ધીરજ રાખવી વિદેશ જવાની તક માટે સારો સમય.
મિથુન(ક.છ.ઘ.) :- શેર સટ્ટામાં લાભ નિર્ણયો બાબત સતર્કતા જરૂરી નોકરીમાં અનુકુળતા સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય.
કર્ક(ડ.હ.) :- માતુશ્રીનો સહકાર રહે. વિદેશ જવાની ઈચ્છા ફળવાની જમીન-મકાનના કાર્યોમાં અનુકુળતા કર્જ કરવાથી જાળવવું.
સિંહ(મ.ટ.) :- પરિવારના ઉત્સાહ વધવાનો, નોકરીમાં નવી ઓફર બાબત ઉતાવળ ન કરવી અપરણીતોને સફળતા રહે.
કન્યા(પ.ઠ.ણ.) :- નાણાકીય પ્રશ્નો ઉભા થાય. પરિવારના સભ્યોનો સાથે સહકાર મેળવવો. નકારાત્મક વિચારોથી દૂર રહેજો.
તુલા(ર.ત.) :- દિવસ દરમ્યાન ભાગીદારી યોજના બાબત સફળતા સગાઈ લગ્નના કાર્યોમાં મનગમતું પાત્ર મલે મિત્રોથી લાભ.
વૃશ્ચિક(ન.ય.) :- દિવસ ઉત્સાહ વાળો રહે. છતાં નિર્ણયો બાબત સજાગ રહેજો મોસાળથી લાભ નોકરીમાં બદલીના લાભ.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- શેર સટ્ટામાં ધ્યાન પડે. વિજાતીય મિત્રતા ગાઢ બને. નકામા વિચારો ટાળજો અંધશ્રધ્ધાથી દૂર રહેજો.
મકર(ખ.જ.) :- દિવસ દરમ્યાન કાલ્પનીક ભય રહે. રહેણાંક ના મકાનના પ્રશ્નોમાં ધ્યાન દેવું ઉતાવળા નિર્ણયો ન લેવા.
કુંભ(ગ.શ.સ.) :- અચાનક યાત્રા પ્રવાસનો યોગ ઉભો થાય ભાઈ-બહેનો સાથે સુમેળ વધે. રાજકીય રીતે ન ધારેલો લાભ રહે.
મીન(દ.ચ.ઝ.) :- પરિવારના પ્રશ્નો માં ધ્યાન દેવુ પડે. આર્થિક બાબતોને લઈને ટેન્સન રહે. સંતાનો સાથે સુમેળ રાખવો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ સ્મશાન ગૃહમાં આજરોજ ૨૫ મૃતદેહના અંતિમ સંસ્કાર : ૨૦ મૃતદેહોને કોરોના ગાઈડ લાઈન મુજબ અંતિમ સંસ્કાર


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં કોરોના દિનપ્રતિદિન વકરી રહ્યો છે અને જેને પગલે મૃતકોની સંખ્યામાં પણ ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે આજે દાહોદના સ્મશાન ગૃહ ખાતે કુલ ૨૫ જેટલા મૃતદેહોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જેમાંથી ૨૦ જેટલા મૃતદેહોને કોરોના ગાઈડલાઈન પ્રમાણે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

છેલ્લા એક મહિનાના સમયગાળા દરમિયાન એટલે કે, એપ્રિલ માસના પ્રારંભ સાથે જ દાહોદ જિલ્લામાં જાણે કોરોનાએ પોતાનું રોદ્ર રૂપ ધારણ કરતા દાહોદ શહેર સહિત જિલ્લાના સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો કોરોના દર્દીઓથી હાઉસફુલ થઈ ગયા છે. જ્યાં જુઓ ત્યાં કોરોના દર્દીઓનો રાફડો ફાટી રહ્યો છે. છેલ્લા એક સપ્તાહથી વધારે સમયગાળા દરમિયાન તો કોરોનાનો આંકડો દાહોદ જિલ્લામાં દિન – પ્રતિદિન વધવા માંડ્યો છે અને તેમાંય મૃતકોની સંખ્યામાં પણ તોતિંગ વધારો થતો હોવાનું દેખાઈ રહ્યું છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી લગભગ ૧૯૭ ઉપરાંત લોકો કોરોનાથી મૃત્યુ પામ્યા હોવાની સત્તાવાર માહિતી છે. ત્યારે રોજેરોજ દાહોદના સ્મશાન ગૃહ ખાતે કોરોના ગાઈડલાઈન પ્રમાણે ઘણા લોકોને અંતિમ સંસ્કાર આપવામાં આવી રહ્યા છે. ત્યારે આજની વાત કરીએ તો આજના દિવસે જ દાહોદના સ્મશાનગૃહમાં કુલ ૨૫ જેટલા મુક્તકોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જેમાંથી ૨૦ લોકોના કોરોના ગાઈડલાઈન પ્રમાણે અને અન્ય પાંચ જો કદાચ સામાન્ય બીમારી થી મૃત્યુ પામ્યા હોય અથવા તો આકસ્મિક મૃત્યુ થયું હોય તેવા પાંચ લોકોના અંતિમ સંસ્કાર મળી આજે દાહોદ સ્મશાન ગૃહ ખાતે ૨૫ જેટલા લોકોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા બીજી તરફ જોવા જઈએ તો દાહોદ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વિકરાળ રૂપ ધારણ કરી રહ્યું છે અને જેને પગલે દાહોદ જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય તંત્ર પણ એક્શન મોડમાં આવી છે અને હવે કોરોના ટેસ્ટિંગ પણ વધારી દેવામાં આવ્યું છે. ઘરે ઘરે જઈ આરોગ્ય કર્મચારીઓ કોરોનાના ટેસ્ટો કરી રહી છે.

# દાહોદમાં વર્ષોથી બંધ પડેલું અજુમન દવાખાનું ફરી શરૂ કરવાની તૈયારીમાં



દાહોદ,

કોરોના સંક્રમણની બીજી લેયર ખૂબ જ ઘાતક અને ખતરનાક રીતે ત્રાટકી આશરે ૨૦થી ૪૫ વર્ષના ઉંમરના લોકોને સંક્રમિત કરી હાહાકાર મચાવી દીધો છે. જેમાંથી અડધા દર્દીઓને ઓક્સિજન તેમજ વેન્ટિલેટર પર મૂકવાની ફરજ પડી છે. આવી વિકટ પરિસ્થિતિમાં કેટલાય લોકો ટપોટપ આ કાળના ખપ્પરમાં હોમાઈ ગયા છે. દાહોદ શહેર સહિત જિલ્લાના તમામ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓથી હાઉસફુલ થઈ જવા પામ્યા છે. તેમજ કેટલાક ખાનગી હોસ્પિટલોમાં તો ઓક્સિજન, બાઈપેપ, વેન્ટિલેટર જેવી સુવિધાવાળા બેડ મળવા પણ મુશ્કેલ ભર્યા લાગી રહ્યા છે. કોરોના ગ્રસ્ત દર્દીઓ સહિત પરિવારજનો ખૂબ જ મુશ્કેલી ભર્યા કપરા સમયમાંથી પસાર થઈ રહ્યા છે. ત્યારે આવા કપરાકાળમાં માનવતાના કાજે ‘‘અંજુમને હૈદરી એન્ડ હુસૈની ચેરિટેબલ ડીસ્પેન્સરી ટ્રસ્ટના વહીવટદારો દ્વારા આગળ આવી વર્ષોથી બંધ પડેલા અંજુમન દવાખાનાને ફરી શરૂ કરવાની તૈયારીઓમાં લાગી ગયા છે.૨૦૦૪ થી બંધ પડેલું અજુમન દવાખાના ટ્રસ્ટના આગેવાનો નજમુદ્દીન ગાગરડીવાલા, બુરહાનભાઈ બુટવાલા, સિકંદર અલી સૈયદ, હુસેનભાઈ ગાગરડીવાલા, ઈશમાઈલભાઈ જાદલીવાલાના આગેવાનો એકત્ર થઈ જિલ્લા કલેક્ટરના સાથે અજુમન દવાખાનામાં કોવીડ સેન્ટર શરૂ કરવા માટે મંજૂરી માંગવામાં આવી છે.જેથી અજુમન ટ્રસ્ટના હોદ્દેદારોની રજુઆત બાદ જિલ્લા કલેક્ટર અજુમન દવાખાનાની મુલાકાત લઈ નિણર્ય લેવાનું જણાવ્યું હતું. જેથી અજુમન ટ્રસ્ટના આગેવાનો દ્વારા અજુમન દવાખાનાને સફાઈ હાથ ધરવામાં આવી છે. જીલ્લા કલેક્ટર દવાખાનાની મુલાકાત લીધા પછી આશરે ૧૫ થી ૨૦ દિવસમાં અજુમન દવખાનામાં ૫૦ થી ૬૦ બેડ ધરાવતો હોસ્પિટલ કાર્યરત થવાની શક્યતાઓ જોવાઈ રહી છે. તેમજ તમામ બેડમાં ઓક્સિજનના બોટલો પણ મૂકવામાં આવશે. હાલ વર્ષો પછી અજુમન દવાખાનામાં આજથી સાફ–સફાઈ કરવાની તૈયારીઓ ચાલુ થઈ જતા વરસોથી બંધ પડેલ હોસ્પિટલ ચાલુ થવાની લોકોમાં આશા જાગી છે.

- ૫૦ થી ૬૦ બેડ ધરાવતો હોસ્પિટલ હાલની વિકટ પરિસ્થિતિમાં કોરોનાના દર્દીઓ માટે મુકવામાં આવશે.
- હોસ્પિલ પુનઃ શરૂ કરવા ‘‘અંજુમને હૈદરી એન્ડ હુસૈની ચેરિટેબલ ડીસ્પેન્સરી ટ્રસ્ટના વહીવટદારો દ્વારા કરાઈ પહેલ.
- આગામી ૧૫ થી ૨૦ દિવસમાં હોસ્પિટલ પુનઃ શરૂ થવાનો અનુમાન.
- સ્પિટલ શરૂ કરવા માટે વહીવટી તંત્ર દ્વારા મદદની માંગણી કરાઈ

# દાહોદમાં પંડ્યા ફાર્મ વિસ્તારમાં છોકરીને ભગાડી જતાં યુવકનો મૃતદેહ અઠવાડિયા સુધી ગોંધી રખાયો

દાહોદ,

દાહોદ શહેરના પંડ્યા ફાર્મ વિસ્તાર ખાતેનો એક ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં એક યુવકનો મિત્ર છોકરી ભગાડી જતાં બે જણાએ છોકરી ભગાડી જનાર યુવક સાથે કેમ ફરે છે તેમ કહી ઝઘડો કરી આ દરમિયાન ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ઉશ્કેરાયેલ બે યુવકોએ તલાર તથા બેઝબોલના ડંડા વડે યુવકને હાથે–પગે તેમજ શરીરે અને માથાના ભાગે માર મારતા ગંભીર ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે વડોદરા ખસેડાતા ત્યાં યુવકનુ મોત નીપજતાં પરિવારજનો દ્વારા છેલ્લા એક સપ્તાહથી યુવકની લાશ ઘરમાં મુકી રાખી અને જ્યાં સુધી આરોપીઓ ન પકડાય ત્યાં સુધી યુવકના અંતિમ સંસ્કાર નહિ કરવાની જીદ પકડતા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

દાહોદના પંડ્યા ફાર્મ નજીક આવેલ કન્યા આશ્રમ પાછળ રહેતા વિજય લલીતભાઈ ભાભોરનો મિત્ર કોઈ છોકરીને પ્રેમલગ્ન કરી ભગાડી ગયેલ જેના પગલે ગત તા.૧૭ એપ્રિલના રોજ (૧)રાજુભાઈ રજનીકાંત સંગાડા, (૨) કરણ રાજુ સંગાડાએ વિજયને કહેલ કે, તુ કેમ તારા મિત્ર સાથે ફરે છે તેમ કહી ઉશ્કેરાઈ જઈ તલવાર અને બેઝબોલના ડંડા વડે માર મારેલ જેના પગલે પ્રાથમિક સારવાર બાદ વિજયને વડોદરા ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો ત્યારબાદ વિજયને ગંભીર ઈજાઓ થતાં પોલીસે જે તે સમયે હત્યાનો પ્રયાસનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી પરંતુ વિજયનુ સારવાર દરમિયાન મોત નીપજતાં દાહોદ ટાઉન પોલીસ દ્વારા બે યુવકો વિરુદ્ધ વધુ હત્યાની કલમનો ઉમેરો કરવામાં આવ્યો હતો. જો કે, નજીવી બાબતે પડોશમાં રહેતા બે ઈસમોએ માર મારતા સારવાર દરમિયાન મોત થતાં પરિવારના સભ્યોએ જ્યાં સુધી આરોપીઓને પોલીસ પકડી ન લે ત્યાર સુધી મૃતકનો અંતિમસંસ્કાર ન કરવાની જીદ પકડી હતી જેના પગલે પોલીસ દ્વારા મૃતકના ઘરે તેમજ હત્યારાઓના ઘરે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

# દાહોદ નેતાજી બજારમાં CA ની ઓફિસમાં તસ્કરોએ ૪૫ હજારની ચોરી કરી

દાહોદ,

દાહોદ શહેરના નેતાજી બજારમાં આવેલ રાજ કમલ શાહ નામક એક ચાર્ટડ એકાઉન્ટન્ટની ઓફિસમાં અજાણ્યા તસ્કરોએ ઓફિસના રૂમનુ તાળુ તોડી પ્રવેશ કરી ટેબલના ખાના તથા ડ્રોવરો તોડી તેમાંથી અંદાજે ૩૦ હજાર રોકડ તથા લેપટોપ કિ.રૂ.૧૦ હજારનુ ટીવી મળી કુલ ૪૫ હજારના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયા હતા.

આ સમગ્ર ઘટના ઓફિસમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતાં વહેલી સવારે ઓફિસમાં પહોંચેલ ચાર્ટડ એકાઉન્ટન્ટને ચોરી થઈ હોવાની જાણ થતાં તેઓએ દાહોદ શહેર પોલીસને જાણ કરતા પોલીસે પણ સીસીટીવી કેમેરાના આધારે ચોરટાઓનુ પગેરૂ મેળવવા પ્રયાસો હાથ ધર્યા હતા. તેમજ અજાણ્યા ચોરો વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

દાહોદ શહેર પોલીસે આ સમગ્ર મામલે રાજુભાઈ રજનીકાંત સંગાડા અને કરણ રાજુભાઈ સંગાડા(બંને રહે.પંડ્યા ફાર્મ કન્યા આશ્રમ પાછળ, દાહોદ)ગુનો નોંધી બંનેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# દાહોદના કલેક્ટર વિજય ખરાડીએ કોરોના વોર્ડમાં જઈ દર્દીઓના ક્ષેમકુશળ પૂછ્યા

દાહોદ,

દાહોદના કલેક્ટર વિજય ખરાડી શનિવારની રાત્રે અહીંની ઝાયડ્સ મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોરોનાના દર્દીઓના ક્ષેમકુશળ પૂછવા માટે રાત્રીના સમયે પહોંચી ગયા હતા. આરોગ્ય તંત્રના અધિકારીઓ સાથે તેઓ પીપીઈ કિટ પહેરી સિવિલ કોરોના વોર્ડમાં જઈ તમામ દર્દીઓને રૂબરૂ મળ્યા હતા. ત્યાં તેમને મળી રહેલી સારવાર અંગે જાત માહિતી મેળવી હતી.

અત્રેની ઝાયડ્સ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં આ વિસ્તારના મોટા ભાગના દર્દીઓ કોરોના વાયરસની સારવાર મેળવી રહ્યા છે. ગઈ કાલ શનિવારની સ્થિતિએ ત્યાંની જૂની અને નવી બન્ને બિલ્ડીંગમાં દાખલ ૨૯૦ જેટલા દર્દીઓને તેમના બેડ પાસે જઈ કલેક્ટરએ તેમના ખબરઅંતરની પૃચ્છા કરી હતી.

ખરાડીએ અહીં સેવારત તબીબો, પરિચારિકાઓ સાથે પણ મુલાકાત કરી હતી. છેલ્લા ૧૩ માસથી કોવિડની સ્થિતિમાં દર્દીઓની અવિરત સેવા કરી રહેલા આ તબીબો તથા સ્ટાફ નર્સીસની ફરજને તેમણે સરાહના કરી હતી. દાહોદ જેવા અંતરિયાળ વિસ્તારોમાં સેવા આપી રહેલા તબીબીની નિષ્ઠાપૂર્વક સેવાને કારણે કોરોનાકાળમાં અનેક નાગરિકોના અમૂલ્ય જીવન બચાવી શકયા હોવાની વાત તેમણે તબીબો સાથેના વાર્તાલાપમાં કહી હતી.

સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને આપવામાં આવી રહેલા ઓક્સીજનનું તેમણે તબીબોની સાથે ઓડિટિંગ પણ કર્યું હતું. ઓક્સીજન સુવિધાની જરૂરી સમીક્ષા કરાઈ હતી. તેમણે તત્કાલીક સારવાર વિભાગની મુલાકાત પણ લીધી હતી. અહીં પથારીની ક્ષમતા વધારવા માટે સૂચન કર્યું હતું.

આ મુલાકાતની સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખરીદવામાં આવેલા સાત બાયપેપ ઝાયડ્સને આપવામાં આવ્યા હતા. જેનો તત્કાલ ઉપયોગ શરૂ કરી દેવામાં આવ્યો હતો. આ ટીમ દ્વારા હેલ્પ ડેસ્કની મુલાકાત લેવાઈ હતી. જેમાં ડેસ્ક ઉપર બેસતી વ્યકિત જરૂરી માહિતી રાખે, પેશન્ટના પરિજનો સાથે સદ્દભાવપૂર્ણ વ્યવહાર કરે એવી સૂચના અપાઈ હતી.

આ વેળાએ આરોગ્ય અધિકારી ડો. સી. આર. પટેલ, ડો. રમેશ પહાડિયા, ઝાયડ્સના સીઓઓ ડો. સંજય કુમાર પણ સાથે જોડાયા હતા.

# દાહોદમાં ગોદી રોડ પર વોર્ડ નં-૧માં સામુહિક રસીકરણ યોજાયુ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદમાં દાઉદી વ્હોરા સમાજમાં હાલ રમઝાન માસ ચાલી રહ્યો છે.જેથી મોટા ભાગના લોકો રોજા રાખી રહ્યા છે.બીજી તરફ દાહોદમાં કોરોનાએ માથું ઉંચક્યુ છે. ત્યારે વેક્સીનેશન જ હવે કોરોનાથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય માનવામાં આવે છે. ત્યારે શહેરમાં વિવિધ સંગઠનો દ્વારા રસીકરણના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. દાહોદના ગોદી રોડ પર પાલિકાના સદસ્ય માસુમા ગરબાડાવાલા દ્વારા સામુહિક રસીકરણ રાખવામાં આવ્યુ હતું.જેમાં પ્રથમ દિવસે ૧૬૦ અને બીજા દિવસે ૮૫ લાભાર્થીઓએ કોરોનાની રસી મુકાવી હતી. આમ બે દિવસમાં ૨૪૫ વ્યકિતઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

# લાખોના પગારની ઓફર છતાં ડોક્ટરો-હેલ્થવર્કરો ઈન્ટરવ્યૂમાં ફરકવા જ તૈયાર નથી

અમદાવાદ,

સુરતમાં કોરોના મહામારીના કારણે ડૉક્ટરો સહિત હેલ્થવર્કરોની ભારે અછત છે. સિવિલ સહિતની હોસ્પિટલ સ્ટાફની અછતના કારણે કોરોનાના દર્દીઓને યોગ્ય રીતે સારવાર નથી આપી શકાતી. સ્ટાફની અછત દૂર કરવા માટે સિવિલ તંત્ર દ્વારા સતત પ્રયાસ કરાઈ રહ્યા છે. કોરોના કહેર વચ્ચે પણ બમ્પર નોકરીઓ ઉભી થઈ છે. આ માટે ઊંચા પગારો પણ આપવાની જાહેરાતો કરવામાં આવી છે પરંતુ પરંતુ કોઈ નોકરી સ્વીકારવા જ તૈયાર નથી. ડૉક્ટર સહિત હેલ્થવર્કરો માટે હોસ્પિટલોએ બમ્પર ભરતી શરૂ કરી છે પરંતુ લોકો ઈન્ટરવ્યૂ આપવા જ નથી આવતા.

૨૦ સ્પેશિયાલિસ્ટ ડોક્ટરની ભરતીમાં માત્ર ૪ જ ઈન્ટરવ્યૂ થયા છે. તેવી જ રીતે ૪૦૦ નર્સિંગ સ્ટાફની જરૂર સામે માત્ર ૧૦ ઈન્ટરવ્યૂ થઈ શક્યા છે. તો ૪ના ૬૦૦ કર્મચારી સામે માત્ર ૫૦ જ ઈન્ટરવ્યૂ થઈ ચક્યા છે.

સ્ટાફની અછતથી કોવિડના દર્દીને સારવાર આપવામાં મુશ્કેલી પડી રહી હોવાથી સારા પગારની પણ ઓફર કરવામાં આવી રહી છે. સામાન્ય દિવસો કરતા અત્યારે લાખો રૂપિયાનો પગાર ચુકવવામાં આવી રહ્યાં છે છતાંયે ઉમેદવારો ઈન્ટરવ્યૂ માટે ફરકવા પણ તૈયાર નથી.

નર્સિંગ કર્મચારીઓ, વર્ગ-૪ના ૬૦૦ કર્મચારીઓ સહિત કન્સલ્ટન્ટ ડૉક્ટરોનો ૨.૫૦ લાખ પગાર ચુકવવામાં આવવાની જાહેરાત કરી છે. તેવી જ રીતે ર્નો ૧.૨૫ લાખ પગાર નક્કી કરવામાં આવ્યા છે. પરંતુ હજી સુધી કોઈ ઉમેદવારો જ આ નોકરી સ્વિકારવા તૈયાર નથી. લોકો કોરોનાના દર્દીઓ વચ્ચે નોકરી કરવા કરતા ઓછા પગારમાં બીજે અથવા તો ઘરે બેસી રહેવુ વધારે મુનાસીબ માની રહ્યાં છે. સલામત અને જીવતા રહીશું તો પૈસા તો જીંદગી આખી કમાવવાના જ છે તે પ્રકારનું વલણ લોકો અપનાવી રહ્યાં છે.

# બારીયા સબજેલમાં ફરી કોરોના ફેલાવવાની દહેશત ઉભી થઈ છે, કોણ રોકશે ?

દે.બારીયા,

દે.બારીયા બસ જેલમાં ગયા મહિને લગભગ ૪૫ થી ૫૦ જેટલા કેદીઓને કોરોના–૧૯નો સંક્રમણમાં સપડાયા હતા. જેથી પોલીસ બેડામાં ચિંતા જોવા મળી હતી અને આ સંક્રમણ એટલા માટે સબજેલમાં પેઠું હતું કે, કેદીઓના સંબંધીઓને મળવા માટે આવતા અને મળવાના બહાને બહારનુ ખાણું પીણું અથવા આખું ટીફીન બહાર લઈ જવા માટે સબ જેલના પેહરેદારને ૨૦૦ થી ૩૦૦ રૂપીયા ઘૂસ આપતા હોવાનું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું હતું. આ નાણાંના ભાગીદાર ખુદ જેલર પણ સામેલ છે. આ નિયમો અને કોરોના પ્રોટોકોલનું સરેઆમ ઉલ્લંઘન થયું હતું. તે માટે કોરોના કેદીઓમાં ફેલાવવાનું મોટું કારણ હતું.

મળતી માહિતી અનુસાર કેદીઓનું ભોજન આપના કોન્ટ્રાકટરને પણ કેદીઓના કોરોનાએ ભોગ લઈ લીધો છે. તેવું પણ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. જેથી દે.બારીયા સબ જેલના જેલર આ અંગે સર્તકતા દાખવે નહિ તો ફરી કોરોનાની સુનામી ત્રાટકતા વાર નહિ લાગે તે માટે લાગતા વળગતા પદના અધિકારીઓ આ અંગે સંગયાન લઈને કોરોનાની બીજી લહેરને અટકાવવા પ્રોટોકોલ કરવાનો આદેશ જારી કરી સમય સમયે ચકાસણી અવશ્ય કરવી રહી.

# સંજેલીના નાગરિકએ કોરોના વેકસીન લઈ લોકોને વેકસીન લેવા અપીલ



સંજેલી,

કોરોના કેસો તીવ્ર ગતિએ વધી રહ્યો છે. કોરોના સામે રક્ષણ મેળવવા માટે એક માત્ર ઉપાય છે. માસ્ક, સેનિટાઈજર, કોરોના ગાઈડ લાઈન્સને અનુસરીને કાર્ય તરફ પ્રયાણ કરવું, ત્યારે કોરોનાને હરાવવા માટે વહીવટી તંત્ર દ્વારા ડોર ટુ ડોર પ્રચાર પણ કરવામાં આવી રહ્યો છે. પ્રજાને સતત સૂચનો કરી કોરોના વેકસીનનો લાભ લેવા માટે પેરિત કરી રહ્યા છે.

સંજેલી આરોગ્ય કેન્દ્રમાં સંજેલી ગામના રહીશો દ્વારા કોરોના વેકસીનનો નિર્ભયતા પૂર્વક લાભ લઈ રહ્યા છે. જેમાં સંજેલી ગામના આગેવાનો સુરેન્દ્રસિંહ સોલંકી, (જગ્ગુ બાપુ) ચંદ્રરાજસિંહ ચૌહાણેને કોરોના વેકસીનનો લાભ લઈ પ્રજાને અપીલ કરી હતી કે કોરોના વેકસીન એકદમ સુરક્ષિત છે વેકસીનથી કોઈ આડઅસર થતી નથી. નિર્ભય પૂર્વક કોરોના વેકસીનનો સર્વ પ્રજાએ લાભ લેવો જોઈએ તેવી અપીલ કરી હતી.

# રમઝાન શરીફ કી પાંચ ખુસૂસી ફઝીલતે

હઝરત સૈયદન જાબિર બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહો અન્હો સે રિવાયત હૈ કે રહેમતે આલમ અલય હે વસાલેહિ વસલ્લમ કા ફરમાન ઝીશાન હૈ કે મેરી ઉમ્મત કો માહે રમઝાન મે પાંચ ચીઝે ઐસી અતા હુઈ કે જો મુઝસે પહેલે કિસી નબીકો ન મિલી : (૧) પહેલી યે કે જબ રમઝાન શરીફ કી પહેલી અન હોતી હૈ તો અલ્લાહ તબારક વતઆલા ઉનકી તરફ રહમત કી નજર ફરમાતા હૈ ઔર જીસકી તરફ અલ્લાહ તબારક વતઆલા નજરે રહમત ફરમાયેગા ઉસે ભી અઝાબન દેગા.

(૨) દુસરી કે સામ કે વકત રોઝમદાર કે મુંહકીબૂ ભૂરકી વજહ સે હોતી હૈ અલ્લાહ તઆલે કે નજદીક મુશ્કકી ખુશ્બુ સે ભુ ઝિયાદા પ્યારી હૈ.

(૩) તીસરી યે કે ફરિશ્તે હર રાત ઔર હર દિન ઉનકે લીયે ગગફેરત કી દુઆ કરતે હૈ.

(૪) ચૌથી યે કી અલ્લાહ તઆલા જન્નત કો હુકુમ દેતા હૈ ઔર ફરમાતા હૈ કે મેરે નેક બંદો કે લીયે મુઝખ્યમ (આસાન) હો જા અનકરીબ વો દુનિયારી મશરૂફત સે મેરે ઘર મેં આરામ પાએગેં.

(૫) પાંચવી યે કે જળ માહે રમઝાન કી આખરીરાત આતી હૈ તો અલ્લાહ તબારક વ તઆતા સબ કી મગફેરત ફરમા દેતા હૈ. કૌમ મે સે એક શખ્સ ખબા હુઆ ઔર કહા કે યા રસુલ્લાહ સલલ્લા હો અલય હે વઆલેહિ વસલ્લમ કયમ યે લય લતુલ કદ્ર હૈ ? અલ્લાહ કે પ્યારે રસુલ સલલ્લા હો અલય હૈ વેઆલેહિ વસલ્લમને ફરમાયા નહી કયા તુમ નહી દેખતે કે મઝદુર જબ અપને અપને કામ સે ફારીગ હો જાતે હૈ તો ઉન્હે ઉઝરત કી જાતી હૈ (બ–હવાલા તો હ–ફ–એ.રમઝાન શરીફ મામી.યાન–૬૬).

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

તા.૨૬/૪/૨૧ ચાંદ-૧૩ રમઝાનુલ મુબારક
ખત્મે શહેરી ૪.૪૧
વકતે ઈફતર ૭.૦૩
આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લા પૂરતો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 206

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરામાં આજે ઓફ ધ રેકોર્ડ કોરોનામાં ૧૨ના મોત

# પંચમહાલ જીલ્લામાં આજરોજ ૮૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા



ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોનાનો કાળો કહેર જોવા મળી રહ્યો છે. પ્રતિદિન કોરોના સંક્રમિત કેસમાં વધારો થઈ રહ્યો છે. જીલ્લામાં કોરોના અજગરી ભરડો લોકોને સંક્રમણનો ઝડપી રીતે સકંજામાં લઈ રહ્યા છે. વધતા જતાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યાની સામે કોવિડ હોસ્પિટલમાં સારવાર લેતાં દર્દીઓના રિકવરી રેટ ધીમો જોવા મળી રહ્યો છે. કોરોનાની બીજી લહેરમાં કોરોના સંક્રમિત થતાં દર્દીઓમાં ઓકસીજન લેવલ ઘટી જવાની સમસ્યાને લઈ હોસ્પિટલાઈઝ થવું પડતું હોય છે. પરંતુ જે ગતિ થી સંક્રમિત દર્દીઓ વધી રહ્યા છે. તેને લઈ હોસ્પિટલમાં ઓકસીજન બેડ ઘટી રહ્યા છે. જેને લઈ દર્દીઓ સાથે પરિવારજનો હેરાન થઈ રહ્યા છે. આજરોજ જીલ્લામાં ૮૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જેમાં શહેરી વિસ્તારમાં ૪૭ અને ગ્રામ્ય વિસ્તારમાં ૪૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યા ૭૮૪ સુધી પહોંચી છે. કોરોના સંક્રમિત દર્દીઓને ઓકસીજન સપોર્ટની જરૂરીયાત રહેતી હોય છે. તેની સામે સરકારી કોવિડ હોસ્પિટલમાં ઓકસીજન બેડ ખુટી પડવાથી દર્દીઓને એક હોસ્પિટલ થી બીજી હોસ્પિટલ ભટકવાનો વારો આવ્યો છે. તે કોરોના સંક્રમણની ગંભીરતાનો ચિતાર આપે છે. દેશભરમાં કોરોના સંક્રમિત દર્દીઓને ઓકસીજન સપોર્ટની જરૂરીયાત વધતા હાલ ઓકસીજનની ઘટ જોવા મળી છે અને ઓકસીજન નહિ મળવાને લઈને પણ દર્દીઓના મોત થઈ રહ્યા છે. ત્યારે પંચમહાલ જીલ્લામાં પણ કોરોના સંક્રમણ કેસમાં પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. કોવિડ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓના રિકવરી રેડ ખૂબ ઓછો હોવાને લઈ કોવિડ હોસ્પિટલમાં બેડ ભરાયેલા હોવાને લઈ કોરોના સંક્રમિત દર્દીઓને ખાનગી કોવિડ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થવું પડતું હોય છે. હાલ જે ગતિથી કોરોના સંક્રમિત દર્દીઓ વધી રહયા છે. તે જોતાં આવનાર દિવસોમાં કોરોના સંક્રમિત દર્દીઓ વધી શકે તે નકારી શકાય નહિ. પંચમહાલ જીલ્લામાં આજરોજ ૮૯ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જેની સામે હોસ્પિટલમાં કોરોના સારવાર લઈ રહ્યા છે. તેવા દર્દીઓમાંથી પર સાજા થતાં રજા અપાઈ છે. જ્યારે જીલ્લા હાલ સક્રિય કેસની સંખ્યા વધીને ૭૮૪ સુધી પહોંચી છે. ત્યારે જીલ્લાવાસીઓ કોરોના સંક્રમણ થી બચવા માટે માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરીને કોરોના સંક્રમણથી બચી શકાય છે.

### પંચમહાલમાં આજની કોરોનાના કેસની સંખ્યા

| |
|---|
| : શહેરી વિસ્તાર : |
| ગોધરા-૨૭ |
| હાલોલ-૧૫ |
| કાલોલ-૦૫ |
| : ગ્રામ્ય વિસ્તાર : |
| ગોધરા-૧૧ |
| હાલોલ-૦૫ |
| કાલોલ-૦૬ |
| ઘોઘંબા-૧૬ |
| જાંબુઘોડા-૦૪ |
| આજના પોઝીટીવ કેસ-૮૯ |
| સક્રિય કેસ-૭૮૪ |
| દર્દીને રજા અપાઈ-૫૨ |

### જીલ્લાના શહેરી વિસ્તારમાં ૪૭ અને ગ્રામ્યમાં ૪૨ પોઝીટીવ કેસ નોંધાયા

પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેરમાં સંક્રમણ વધી રહ્યું છે અને પ્રતિદિન કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ આરોગ્ય સવાઓ દર્દીઓને મળી રહે તેવા પ્રયત્નોની સાથે રસીકરણ વધે તેવા પ્રયાસ પણ કરી રહી છે. આજરોજ ૨૫ એપ્રિલ અને જીલ્લામાં ૪૫ વર્ષ ઉપરના ૨૪૦૪ વ્યકિતને કોરોના વેકસીન આપવામાં આવી છે. જયારે અત્યાર સુધી ૪૫ વર્ષ ઉપર થી વયના ૨,૩૩,૪૦૨ વ્યકિતને વેકસીન આપવામાં આવી છે. અને આ રસીકરણમાં વધુ વ્યકિત લાભ લે તેવી અપીલ પણ કરાઈ રહી છે. તબીબો દ્વારા કોરોના વેકસીન લેવાથી કોરોના સંક્રમણ થી બચાય છે અને જો સંક્રમિત થવાય તો પણ સંક્રમણની અસર ઓછી અને કોરોનાને માત આપી સાજા જલ્દી થઈ શકાય છે.

### ડેઈલી રિપોર્ટમાં મૃત્યુ આંક નીલ જ્યારે કોવિડ ગાઈડ લાઈન થી થતાં અંતિમ સંસ્કાર થઈ રહ્યા છે

પંચમહાલ જીલ્લામાં આરોગ્ય વિસ્તાર દ્વારા કોરોનાના ડેઈલી રિપોર્ટ જાહેર કરવામાં આવે છે. આ રિપોર્ટમાં જીલ્લા કોરોના દર્દીના મૃત્યુ આંક ઝીરો દર્શાવવામાં આવતાં હોય છે. જ્યારે બીજી તરફ સોશ્યલ મિડીયામાં શહેરમાં કોરોના સંક્રમણમાં જે વ્યકિતનું મોત થઈ રહ્યું છે. તેમના સ્વજન અને મિત્રો દ્વારા કોરોનાની સારવાર દરમ્યાન મોત થયાનું જાહેર કરીને શ્રધ્ધાંજલી આપતા હોય છે. ત્યારે આરોગ્ય વિભાગના લીસ્ટમાં કોરોના મોતના આંક દર્શાવવામાં આવતો નથી. તેને લઈ લોકોમાં તંત્રની કામગીરી સામે પ્રશ્ન ઉઠી રહ્યા છે.

## ગોધરા શહેરના બજારો કોરોનાની ચેઈન તોડવા ત્રણ દિવસ ધંધા રોજગાર સંપૂર્ણ બંધ રહ્યા


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના મહામારીની બીજી લહેરમાં કોરોના સંક્રમણના કેસમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. પ્રતિદિન જીલ્લા સહિત ગોધરા શહેરમાં કોરોના દર્દીઓની સંખ્યા વધી રહી છે. તે જોતાં જીલ્લા વહીવટી તંત્ર દ્વારા વેપારીઓ સાથે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું અને વીક એન્ડ લોકડાઉનનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ગોધરા શહેરના બજારો શુક્ર, શનિ અને રવિવાર એમ ત્રણ દિવસ સુધી સજજડ બંધ રાખીને વેપારીઓ અને નાના ધંધાદારીઓ દ્વારા કોરોનાના સંક્રમણ ની ચેઈન તોડવા માટે તંત્રના પ્રયાસને સહકારી આપ્યો છે. તેમ છતાં કોરોના ડેઈલી રિપોર્ટને જોતાં શહેરમાં સંક્રમણના કેસ ઘટી રહ્યા હતા. તેમ લાગી રહ્યું નથી. તેમ છતાં તંત્રના પ્રયાસના વેપારીઓ દ્વારા કોરોના મહામારીમાં લોકોના આરોગ્યની ચિંતામાં તંત્રના પ્રયાસોની સરાહના કરી છે.

કોરોના મહામારીની બીજી લહેર ઘાતક અસર જોવા મળી રહી છે. પ્રતિદિન કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. લોકો કોરોના મહામારીને ગંભીરતાથી લઈ રહ્યા નથી. બજારોમાં ભીડભાડવાળા સ્થળો લોકોની ભીડ વધુ રહેતી હોય જેને લઈ સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. કોરોના સંક્રમણના વધતા જતા કેસને જોતાં આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે. કોરોનાની બીજી લહેરમાં કોરોના સંક્રમણના ભોગ બનત દર્દીઓના મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. ત્યારે કોરોના સંક્રમણની ચેઈન તોડવા માટે પંચમહાલ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ગોધરા શહેરના વેપારીઓ તેમજ નાના ધંધાદારીઓ સાથે મીટીંગ યોજીને વીક એન્ડમાં શુક્ર, શનિ અને રવિવારના રોજ સ્વૈચ્છિક લોકડાઉન કરવા માટે નિર્ણય કરવામાં આવ્યો હતો. તે મુજબ શુક્ર, શનિ અને રવિવાર એમ ત્રણ દિવસ સુધી ગોધરા શહેરના બજારો સંપૂર્ણ બંધ રહ્યા હતા અને વહીવટી તંત્રને કોરોના મહામારીના સમયમાં ધંધા રોજગાર બંધ રાખીને સહયોગ આપ્યો હતો. આવતી કાલ સોમવાર ૨૬ એપ્રિલ થી સવારે ૬ વાગ્યા થી બપોરના ૨ વાગ્યા સુધી ધંધા રોજગાર ચાલુ રહેશે. જ્યારે બપોર બાદ ધંધા રોજગાર બંધ રહેશે. કોરોના મહામારીમાં કોરોના સંક્રમણ ઘટે તેવા વહીવટી તંત્રના પ્રયાસો સફળ થાય એવી આશા હાલ ટાળી શકાય છે. ગોધરા શહેરના બજારો ત્રણ દિવસ સુધી સ્વૈચ્છિક લોકડાઉન રહ્યા છે. તેમ છતાં શહેરમાં નોંધાતા દૈનિક કેસમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો નથી.

### આજે સવારે ૬ થી ૨ વાગ્યા સુધી ધંધા રોજગાર ચાલુ રહેશે

## કોરોના વાઈરસની ચેઈન તોડવા માટે ઘોઘંબા બજાર સંપૂર્ણ રીતે બે દિવસથી બંધ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ભારત આખું કોરોનાવાયરસનીમાં ચાલી રહ્યું છે. ત્યારે જાત જાતના સમાચાર સાંભળવા મળી રહ્યા છે અને જન જીવન ખૂબ જ હેરાન પરેશાન થઈ રહ્યું છે. આ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે અને કોરોનાના સરકારના નિયમના પાલન મુજબ ઘોઘંબા બજાર સંપૂર્ણ રીતે છેલ્લા બે દિવસથી સ્વયંભૂ બંધ જણાયેલ છે. ઘોઘંબા ગામમાં કેટલા દિવસથી કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જણાય આવી છે. ત્યારે સમગ્ર વેપારીઓ દ્વારા અને ગ્રામપંચાયત દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે કે શનિવાર અને રવિવાર સંપૂર્ણ બજાર બંધ રાખવું તથા બાકીના દિવસોએ સવારથી બે વાગ્યા સુધી બજાર ખુલ્લું રાખવું.

ખરેખર મહામારીનો સામનો કરવા માટે બજારમાં તમામ વેપારીઓ, શાકભાજીની લારીઓ, તથા અન્ય તમામ નાની–મોટી દુકાનો બે દિવસ માટે સદંતર બંધ રાખવામાં આવેલ છે. બજાર બંધ રહેવાને કારણે પ્રજાનું અવર જવર ઓછું થયેલ હોઈ ભવિષ્યમાં કોરોના કેસ ઓછાં થાય તેવું પણ લાગી રહ્યું છે.

## વેજલપુર ગામમાં હરિજનવાસના નાળાનું કામ પૂર્ણ કર્યા વગર બારોબાર નાણાં ઉપડી ગયા


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,
કાલોલ તાલુકાના વેજલપુર ગામના મદયમ મા આવેલ રૂપા રેલ નદી ઉપર છેલ્લા દોઢ થી બે વર્ષ અગાઉ હરિજન વાસ જવાના રસ્તા ઉપર વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા નાળુ બનાવવાનું કામ શરૂ કરેલ અને તે કામ અધુરૂ મૂકી દીધુ હતુ પરંતુ તે કામ પૂર્ણ કર્યા વગર તે ગ્રાન્ટ ના ૧,૦૯,૩૩૧ રૂપિયા નાળાનું કામ પૂર્ણ કર્યા વગર બારોબાર ઉપાડી લીધા છે. આખા ગામમા તેની ચર્ચા થઈ ગઈ છે કે, કામ પૂર્ણ થયા વગર કય રીતે ગ્રાન્ટો ની ઉચાપત થય રહી છે. ત્યારે વાત કરીએ તો કાલોલ તાલુકા વિકાસ અધિકારી અને એસ ઓ ને વેજલપુર ગામ ની તમામ ખબર હોવા છતા અંજાણ કેમ છે તેનું માત્ર એકજ કારણ હોય શકે કાતો આવા અધિકારીઓને ગુલાબી નોટો નો પ્રસાદ મલી જાય છે કે કોય રાજકીય નેતા ની બાણ મા આવી જાય છે. તેથી હવે જોવાનું રહયું જિલ્લા વિકાસ અધિકારી પોતાની જવાબદારી સમજીને પોતે તપાસ કરશે ખરા કે પછી આવીજ રીતે ભ્રષ્ટાચાર આચરાતો રહેશે તે હવે જોવાનું રહયું.

## કાલોલ ડિઝેસાઉન્ડ સિસ્ટમના માલિકો દ્વારા ધંધા-રોજગારમાં મંદી સામે ધારાસભ્ય સુમનબેન ચૈહાણને રજુઆત


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કોરોના મહામારીમાં કોવિડ–૧૯ નાં કેસો ડામવા માટે હાલ ની લગ્ન સિઝનમાં મેળાવડા ન થાય તે હેતુથી પંચમહાલ જિલ્લામાં જાહેર નામું બહાર પાડી લગ્ન અને મરણના સામાજીક પ્રસંગે ૫૦ થી વધુ વ્યક્તિઓને એકત્રિત નહીં કરી શકે. તદુપરાંત સરકાર ની કોવિડ–૧૯ ની ગાઈડ લાઈન મુજબ માસ્ક અને સોશિઅલ ડિસ્ટન્સ સાથે લગ્ન પ્રસંગની મંજૂરી આપી છે.જ્યારે આવા પ્રસંગે નાચ ડાન્સ માટે ડિઝેસાઉન્ડ સિસ્ટમના મંગાવી લગ્ન પ્રસંગમાં રમઝટ જામતી હોય છે.પરંતુ કાયદાનું પાલન કરાવવા માટે પંચમહાલ જિલ્લા પોલીસ દ્વારા લગ્નમાં પોંહચી જઈને લગ્ન સંબંધિત જોડાયેલ તમામ પર કાર્યવાહી કરવામાં આવે છે.જેના કારણે ધંધા પર માઠી અસર પડતાં હાલની કોરોના મહામારીમાં બેન્ક લોન, પરીવારનું ભરણપોષણ, ના અનેક પ્રશ્નોને ધ્યાન પર લઈ પોતાની રોજીરોટી ચલાવવા માટે કાલોલ તાલુકાના ૨૨ ગામના ૪૦–૪૫ ડિઝેસાઉન સિસ્ટમનાં માલિકો દ્વારા બેડીયા જલારામ મંદિર ખાતે સરકારની ગાઈડ લાઈન પ્રમાણે માસ્ક, સોશિઅલ ડિસ્ટન્સ સાથે એક બેઠક યોજી કાલોલ વિધાન સભા બેઠકનાં ધારાસભ્ય સુમનબેન ચૈહાણ નાં નિવાસ સ્થાને પોંહચી તેમના ધંધાકીય રજુઆત કરી હતી.જેને ધારાસભ્ય સુમનબેન ચૈહાણ એ તેમની રજૂઆત સાંભળી હતી.

## વેજલપુર મુકામે નિઃશુલ્ક ઉકાળાનું વિતરણ


તસ્વીર : જયદીપ ઠાકર, વેજલપુર

વેજલપુર,
પરમ પૂજ્ય સ્વામી રામદેવજી મહારાજના શુભ આશીર્વાદ અનેગુજરાત રાજ્ય યોગ કોચ બોર્ડના ચેરમેન શીશપાલજીના માર્ગદર્શન હેઠળ કોરોનાની મહામારીમાં ઈમ્યુનિટી વધારવા અને કોરોના ની બીમારી સામે રક્ષણ મેળવવા નિશુલ્ક ઉકાળાનું વિતરણ કરાયુહતુ આવીવિતરણ યોગ કોચ કેતકીબેનશાહ, સોનલબેન પરીખ, સોનલબેન દરજી દ્વારા આયોજન કરાયું હતું. આ વિતરણ કાર્યક્રમમા ભાગ્યોદયયુવા વિકાસ મંડળ વેજલપુરના પમુખ યોગેશ કાછિયા મામલતદાર કચેરીના મહેન્દ્રભાઈ પટેલ, શ્યામલભાઈ પરીખ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહી સહયોગ આપ્યો હતો. આ ઉકાળાનું વેજલપુર તેમજ આજુબાજુના ગ્રામજનો ઉકાળો પી ધન્યતા અનુભવી હતી અને લાભ લીધો હતો.

## એક મહિનામાં ઓક્સિજનનો વપરાશ ૭૫ ટનથી વધીને ૧૦૦૦ ટન સુધી પહોંચી ગયો

ગાંધીનગર,
રાજ્યના વિવિધ શહેરોમાં એકાએક મેડિકલ ઓક્સિજનની ભયાનક તંગી સર્જાતા હોસ્પિટલોના દર્દીઓ તથા સંચાલકો ઉપરાંત સરકાર પણ નવી વ્યવસ્થા કરવા માટે તનતોડ મેહનત કરી રહી છે. કોરોનાના સંક્રમણમાં બેફામ વધારા વચ્ચે છેલ્લા એક મહિનામાં રાજ્યમાં ઓક્સિજનના વપરાશમાં ૧૩ ગણો વધારો થયો છે. એક મહિના પહેલાં માત્ર ૭૫ ટન ઓક્સિજનનો વપરાશ હતો તે વધી ને ૧૦૦૦ ટન સુધી પહોંચી ગયો છે. અમદાવાદ સહિતના શહેરોમાં ઓક્સિજનની તીવ્ર અછત સર્જાઈ છે. અનેક હોસ્પિટલોમાં માત્ર કલાકોનો જ ઓક્સિજન વધ્યો હતો. સરકાર-તંત્રને તાકીદના સંદેશ પાઠવવામાં આવ્યા હતા. હોસ્પિટલોએ ઓક્સિજન મેળવવા ખાનગી વાહનો ભાડે કરીને ઓક્સિજન પ્લાન્ટ પર મોકલવાનું શરૂ કરી દીધું હતું. રાજ્ય અને કેન્દ્ર સરકારે પણ ઓક્સિજનની અછત દૂર કરવા અનેક આયોજન અને ગોઠવણ કરી દીધી છે. કેન્દ્ર સરકારે પણ ગુજરાતને ઈમરજન્સીમાં ૧૦૦૦ ટન ઓક્સિજન આપવાની ખાત્રી આપી છે, તે જોતા આગામી દિવસોમાં ગુજરાતના કોરોનાના દર્દીઓ માટે ઓક્સિજનની અછત સર્જાય નહીં. તબીબી ક્ષેત્રના નિષ્ણાંતોના કહેવા પ્રમાણે, કોરોના સંક્રમિત દર્દીઓની ઓક્સિજન જરૂરિયાત વધી ગઈ છે. અત્યારે કોરોનાનો રાફડો ફાટ્યો છે. દૈનિક નવા કેસોની સંખ્યા રેકોર્ડ સર્જી રહી છે. નવા સંક્રમિતોમાં ઓક્સિજનની જરૂરિયાત હોય તેવા દર્દીઓની સંખ્યા પણ વધુ છે એટલે માંગ-વપરાશમાં ધરખમ વધારો થતો રહ્યો છે. નવા સરેરાશ ૭૦ ટકા દર્દીઓ ઓક્સિજન બેડ જ માંગે છે એટલે વપરાશ વધી રહ્યો છે. મોટાભાગની હોસ્પિટલોમાં કોરોના બેડ ખાલી નથી. કદાચ ખાલી પડે તો પણ ઓક્સિજનના વાંકે આપી શકવાની સ્થિતિ નથી.

## ૭ મહાનગરોમાં ૨ જ દિવસમાં ૧૪૦૪ ચિતા સળગી, પણ સરકારે કહ્યુ-કોરોનાથી માત્ર ૧૯૧ના મોત

ગાંધીનગર,
ગુજરાતના ઈતિહાસમાં વર્ષ ૨૦૨૧નો એપ્રિલ મહિનો રાજ્યના સમૃધ્ધ મહાનગરોમાં નવા સ્મશાનો ઉભા કરવાના નામે નંખાશે. સુરત, રાજકોટ, ગાંધીનગર પછી મહેસાણા જેવા નાના શહેરમાં પણ કોરોનાના કારણે મૃત્યુ આંક વધતા રાતોરાત નવુ સ્મશાન ખોલવુ પડયુ છે. ગુરૂવાર અને શુક્રવાર એમ બે દિવસ દરમિયાન રાજ્યના સાત મહાનગરોમાં કોરોના થયા પછી ૧,૪૦૪ના મોત થયા છે. જો કે, સરકારે સત્તાવારપણે કોરોનાને કારણે આ સાતેય શહેરમાં ૧૯૧ દર્દીઓના મૃત્યુ થયાનું જાહેર કર્યુ છે.

કોરોનાની સેકન્ડ વેવમાં હવે અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ગાંધીનગર જેવા મોટા શહેરો જ નહિ મહેસાણા, ભરૂચ જેવા ચાર-પાંચ લાખની વસ્તી ધરાવતા નાના શહેરોની હોસ્પિટલોમાંથી પણ કોવિડ-૧૯ના પ્રોટોકોલ મુજબ પ્લાસ્ટિકમાં પેક કરીને દર કલાકે એકથી વધુ મૃતદેહ નિકળી રહ્યા છે, સીધા સ્મશાને પહોંચી રહ્યા છે. ગુરૂવારે એક જ દિવસમાં ૪૪ જેટલા દર્દીઓના મૃત્યુ થયા હોવાનુ જાણવા મળ્યુ છે. જયારે ભરૂચમાં કોરોનાના એક વર્ષમાં સૌથી વધુ ૩૮ દર્દીઓના નર્મદા કાંઠે ઉભા અંતિમ સંસ્કાર થયા હતા.

ગુરૂવાર અને શુક્રવાર એમ બે દિવસમાં સુરતમાં મૃત્યુદર ઘટી રહ્યાનું જાણવા મળ્યુ છે, જો કે, જામનગર, વડોદરા જેવા શહેરોમાં સંખ્યા વધી રહી છે. સ્થાનિક આરોગ્ય તંત્ર કો-મોંર્બિડ, અન્ય બિમારી કે વૃધ્ધત્વને કારણે મૃત્યુ વધી રહ્યાનો દાવો કરી રહ્યુ છે.